અપીલ અરજી નં.૧૭૦ તા.૧–૯–૦૯/૧૦

અરજદાર:– શ્રી નિતીન સી. પટેલ
સામાવાળા:– વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકત:–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિતીન સી. પટેલની તા.૨૭–૭–૦૯ ની અરજીથી રહેઠાણવાળી મિલકતનો ઉપયોગ રહેઠાણમાં ન કરી તેની જગ્યાપર કારખાના ચાલુ કરવામાં આવેલ હોય તે બાબતે તા.૮–૬–૦૯ ના રોજ સંબંધિત વિભાગમા વિગતવાર અરજી કરવામાં આવેલ તે બાબતે કર્મચારીએ સ્થળ પર શું તપાસ કરી અને વિજીલન્સ વિભાગે ખાતાકીય શું તપાસ કરી કાર્યવાહી કરવામાં આવી અને ૪/૩૦૭ વાળી મિલકતમાં જે ગેરકાયદેસર કારખાના ચાલે છે જે સુ.મ.પા. તરફથી બંધ કરાવવામાં આવ્યા છે કે નહિ અને કારખાના બંધ ન કરાવાય તો શા માટે અને કારખાના બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ના કયા વિભાગની આવે છે. તે અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૦/૨૦૦૯–૧૦

શ્રી નિતીન સી. પટેલની તા.૨૭–૭–૦૯ ની અરજીથી રહેઠાણવાળી મિલકતનો ઉપયોગ રહેઠાણમાં ન કરી તેની જગ્યાપર કારખાના ચાલુ કરવામાં આવેલ હોય તે બાબતે તા.૮–૬–૦૯ ના રોજ સંબંધિત વિભાગમા્ વિગતવાર અરજી કરવામાં આવેલ તે બાબતે કર્મચારીએ સ્થળ પર શું તપાસ કરી અને વિજીલન્સ વિભાગ ધ્વારા ખાતાકીય શું તપાસ કરી કાર્યવાહી કરવામાં આવી અને ૪/૩૦૭ વાળી મિલકતમાં જે ગેરકાયદેસર કારખાના ચાલે છે જે સુ.મ.પા. તરફથી બંધ કરાવવામાં આવ્યા છે કે નહિં અને કારખાના બંધ ન કરાવાય તો શા માટે અને કારખાના બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ના કયા વિભાગની આવે છે. તે અંગે માહિતી આપવા બાબતે વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વી.આઈ.ડી./૭૩૭તા.૨૫–૮–૦૯ થી મળેલ માહિતી સાચી નથી તેમજ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૬ તા.૧૦–૯–૦૯ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તા.૮–૬–૦૯ ની મુળ અરજીની નકલ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને મોકલ્યાની જણાવેલ તેના આધાર પુરાવા રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૭–૭–૦૯ ની અરજીથી રહેઠાણવાળી મિલકતનો ઉપયોગ રહેઠાણમાં ન કરી તેની જગ્યાપર કારખાના ચાલુ કરવામાં આવેલ હોય તે બાબતે તા.૮–૬–૦૯ ના રોજ સંબંધિત વિભાગમા વિગતવાર અરજી કરવામાં આવેલ તે બાબતે કર્મચારીએ સ્થળ પર શું તપાસ કરી અને વિજીલન્સ વિભાગ ધ્વારા ખાતાકીય શું તપાસ કરી કાર્યવાહી કરવામાં આવી અને ૪/૩૦૭ વાળી મિલકતમાં જે ગેરકાયદેસર કારખાના ચાલે છે જે સુ.મ.પા. તરફથી બંધ કરાવવામાં આવ્યા છે કે નહિં અને કારખાના બંધ ન કરાવાયા તો શા માટે અને કારખાના બંધ કરાવવાની જવાબદારી સુ.મ.પા.ના કયા વિભાગની આવે છે. તે અંગે વીજીલન્સ વિભાગે સ્થળ તપાસ કરી ખાતાકીય શું કાર્યવાહી કરવામાં આવી તેવી માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.વીઆઈડી/૭૩૭ તા.૨૫–૮–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં અત્રેના ઉપલબ્ધ રેકર્ડ જોતાં અરજીમાં જણાવેલ વિગત મુજબની તા.૮–૬–૦૯ ની અરજી અત્રે રજૂ થયેલ જણાતી નથી એમ જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ માં આપવામાં આવેલ માહિતી સાચી નથી અને સંતોષકારક નથી. મુદ્દા નં.૨ માં તા.૮–૬–૦૯ ના રોજ કરેલ અરજી નાગરીક સુવિધાકેન્દ્રમાં આપવામાં આવેલ. જે અરજી જે તે વિભાગમાં નોંધ લઈ મોકલવાની જવાબદારી નાગરીક સુવિધાકેન્દ્રના અધિકારીની આવે છે. એટલે અરજી મળેલ નથી એવો ખોટો જવાબ આપવામાં આવેલ છે. મુદ્દા નં.૩ માં તા.૮–૬–૦૯ ની અરજી રજૂ કર્યાનું જણાવેલ છે. મુદ્દા નં.૪ માં મુળ અરજી મળેલ ન હોય તો કાગળ લખી અરજી મંગાવવી જોઈએ તેમ કરવામાં આવ્યું નથી એમ જણાવેલ.

અરજદારે મુળ અરજી સાથે તા.૮–૬–૦૯ ની અરજી જે શહેર વિકાસ અધિકારી સેન્ટ્રલઝોનને સંબોધીને કરેલ અને તેની નકલ વીજીલન્સને રવાના કર્યાનું દર્શાવેલ તે નાગરીક સુવિધાકેન્દ્ર સુરત ખાતે આપ્યાની નકલ રજૂ કરેલ જણાય છે. પરંતુ પ્રત્યેક ખાતા માટે અલગ અરજી રવાના કરવા આપેલ કે કેમ? તેવી વિગતો અપીલ તબકકે અરજદાર સમર્થનમાં રજૂ કરી શકેલ નથી. જાહેર માહિતી અધિકારી અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર ધ્વારા પણ સંદર્ભ અરજી નહીં મળવા અંગે અરજદારને પ્રત્યુત્તર પાઠવતાં પૂર્વે કોઈ પત્ર વ્યવહારના કર્યાના આધાર રજૂ થયેલ જણાતા નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૮–૬–૦૯ ની અરજી તેમને મળેલ નહીં હોવાનું જણાવેલ હોઈ તે અંગેની કાર્યવાહી નહીં થયાનું અનુમાનિત થાય.

આરટીઆઈ એકટાની કલમ–૬(૩ ) સાથે નિયમ–૩ અન્વયે અરજદારે નિયત ફી સાથે પૂરી વિગતે અરજી કરવાની રહે છે. પ્રસ્તુત કેસમાં તેમ કર્યાનું અરજદાર સ્થાપિત કરી શકેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર પૂરી વિગતસહ અરજી કરવામાં સફળ રહેલ ન હોઈ આ તબકકે તેમની અપીલ અરજી ગ્રાહય રાખવાપાત્ર રહેતી ન હોઈ દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો અલાયદી અરજી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશનર(જન.)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નિતીન સી. પટેલ